## ❖ ગુજરાતી વિભાગ ORIENTATION

1.ગુજરાતી વર્ણપરિચય – બારાક્ષરી

હેતુ:-

વિદ્યાર્થીઓને ગુજરાતી વર્ણ પરિચય થાય.

વિદ્યાર્થીઓને બારાક્ષરી વિશે ખબર પડે.

- ગુજરાતીનામૂળાક્ષરો :-
  ક,ખ,ગ,ઘ,ચ,છ,જ,ટ,ઠ,ડ,ઢ,ણ,ત,થ,દ,ધ,ન,પ,ફ,બ,ભ,મ,ય ,ર ,લ ,વ ,
  શ હ ,
- કુલ મૂળાક્ષર :- 34

- કસોટી :-

1. ગુજરાતી ભાષાના કુલ કેટલા મૂળાક્ષરો છે ? - 34
2. "ચ" પછી કયો મૂળાક્ષર છે ? –"છ"

- બારાક્ષરી :-

ક, કા , કી , કિ , કુ , કૂ , કે , કૈ , કો , કૌ , કં ,ક:

ખ , ખા , ખિ , ખી , ખુ , ખૂ , ખે , ખૈ , ખો , ખૌ , ખં , ખ:

ગ , ગા , ગિ, ગી , ગુ , ગૂ , ગે , ગૈ , ગો , ગૌ,ગં ,ગ:

ઘ , ઘા , ઘિ , ઘી , ઘુ , ઘૂ , ઘે , ઘૈ , ઘો , ઘૌ ,ઘં ,ઘ:

ચ , ચા , ચિ , ચી , ચુ , ચૂ , ચે , ચૈ , ચો , ચૌ ,ચં ,ચ:

........ થી સુધી આવી જ બારક્ષરી આવે છે.

- કસોટી :-

1. બારક્ષરીમાં કેટલા અક્ષરો છે ? - 34

2. "ક" માં કેટલા અક્ષરો આવે છે ? - 12

## 2. ગુજરાતી સ્વર-વ્યંજન પરિચય

- હેતુ :-

વિદ્યાર્થીઓને આપણા ગુજરાતીમાં સ્વર કેટલા હોય છે કયા છે તેની ખબર પડે.

વિદ્યાર્થીઓને સ્વર , વ્યંજન વચ્ચે ભેદ ખબર પડે તેના માટે.

- ગુજરાતી સ્વર :-

અ , આ , ઇ ,ઈ, ઉ , ઊ , એ , ઐ , ઓ ,ઔ , અઃ

કુલ સ્વર :- 13

કસોટી :-

1. ગુજરાતીમાં કેટલા સ્વર છે ? – 13
2. "અ" પછી કયો સ્વર આવે છે ? – "આ"

હ્સ્વ સ્વર :- અ ,ઇ ,ઉ , ઋ

દીર્ઘ સ્વર :- આ , ઈ , ઊ , ઋ , એ , ઐ , ઓ , ઔ

- ગુજરાતી વ્યંજન :-

આ બહાર નીકળતી હવા કોઇ પણ જગ્યાએ અટક્યા વગર નીકળે અને આપણે ધ્વની કાઢીએ તો તે બધા જ ધ્વનીને સ્વરો કહેવાય તો તે જ રીતે બહર નીકલતી હવા જો ક્યાય પણ અટકીને કે ઘસાઇને નીકળે અને એને કારણે જે ધ્વનીઓ પ્રગટે તેને વ્યંજનો કહેવાય છે.

''ક''થી "ળ"સુધીના અક્ષર વ્યંજનો કહેવાય છે.

ક , ખ , ગ , ઘ , ચ , છ , જ , ટ , ઠ , ડ , ઢ , ણ , ત , થ , દ , ધ ,ન , પ , ફ , બ , ભ , મ , ય , ર , લ , વ , શ , ષ , સ , હ , ળ.

કસોટી :-

1. ગુજરાતીમાં કેટલા વ્યંજનો છે ? – 34
2. "ફ" ની આગળ કયો વર્ણ આવે છે ? –"પ"
3. વ્યંજનો ક્યાથી શરુ થાય છે અને ક્યા પૂરા થાય છે ? –"ક"થી "ળ"સુધી વ્યંજનો છે.

## 3 . ગુજરાતી પદ્યનો સામાન્ય પરિચય

મોટાભાગનુ મધ્યકાળનુ સાહિત્ય પદ્યમાં રચાયેલુ છે. દુનિયાનીલગભગ બધી ભાષાઓના સાહિત્યસર્જનના પ્રારંભે પદ્ય જ પ્રયોજાયેલુ જોવા મળે છે .

- પદ્ય એટલે કવિતા , છન્દબદ્ધ શબ્દ રચના.
- પદ્યમાં પદ , દુહો , સોનેટ , છંદ , આખ્યાન , પદ્ય , છપ્પા વગેરે આવે છે.

કસોટી :-

1. પદ્ય એટલે શું ? –પદ્ય એટલે છંદબદ્ધ કાવ્ય.

2. મોટા ભાગનું સાહિત્ય શેમાં રચાયેલુ છે ? - પદ્યમાં.

## 4 . ગુજરાતી ગદ્યનો સામાન્ય પરિચય

- હેતુ :-

આપણા વિદ્યાર્થીઓને ગદ્ય સાહિત્યનો પરિચય થાય .

ગદ્ય અને પદ્ય વિશે જાણવા મળે.

- ગદ્ય એટલે કે :- આ એક સરળ, સામાન્ય ,પરિમાણહીનભાષા છે ,જેનો આપણે રોજ ઊપયોગ કરીએ છીએ.
- ગદ્ય એટલે જે દરેક વ્યક્તિને સમજવામાં સરળ પડે છે , સાદી ભાષામાં હોય છે તેને ગદ્ય કહેવાય છે ,ગદ્ય એટલે ગવય નહી એવુ,પદ્યથી ઊલટુ- સાદું લખાણ .
- ગદ્યમાં વાર્તાઓ , નિબંધ , નવલકથાઓ , વિવેચન , નવલિકા વગેરે ગદ્યનાં પ્રકરો છે.
- કસોટી :-
  1. ગદ્ય એટલે શું ? –સાદીઅને સરળભાષા,છંદરહિત રચના એટલે કે ગદ્ય.
  2. ગદ્યનો કોઇ પણ એક પ્રકાર જણાવો :- નવલકથા , વાર્તા.

## 5 . ગુજરાતી ભાષાનો ઉદ્ભવ – વિકાસ

- હેતુ :-

  વિદ્યાર્થીઓ ને ભાષાના વિકાસ વિશે જાણકરી મળે,પરીક્ષામાં કામમાં આવે .

- ગુજરાતી ભાષાનો ઉદ્ભવ બીજી સદી પહેલા થયો હતો ઈ.સ ની દસમી-અગિયારમી સદીથી ચૌદમી સદી સુધી અપભ્રંશ કે પ્રાચીન ગુજરાતી ભાષા તરીકે જાણીતી હતી.દસમી કે અગિયારમી સદીમાં ગુજરાતી ભાષાનો ઉદ્ભવ થયો છે.
- ગુજરાતી ભાષાના ઉદ્ભવ પછી એમાં અર્ધ તત્સમ કે અર્વાચીન તદ્ભવ શબ્દો પણ ઉમેરાયા છે , તેમજ હરખ , સૂરજ , સનાન , સલોકો , દુરિજન , લખ વગેરે શબ્દો અર્વચીન તદ્ભવ શબ્દો છે.

ગુજરાતી સાહિત્ય એટલે ગુજરાતમાં વસતા ગુજરાતી મૂળનાં લોકો દ્વારા ગુજરાતી ભાષામાં રચવામાં આવેલું સાહિત્ય. ગુજરાતી ભાષાનો ઈતિહાસ આશરે ઈ.સ. 1000 ની સાલ સુધી આંકી શકાય છે. ગુજરાતી ભાષા સમગ્ર ભારતમાં વિવિધ બોલીમાં બોલાતી અપભ્રંશ ભાષામાંથી વિકાસ પામી છે .તેની ખાસેયત એ છે કે સાહેત્યને તેના રચેતા સિવાય કોઇપણ શાસકનો આશ્રય નહોતો તેમ છતાં તેનો વિકાસ થયો.

ગુજરાતી સાહિત્યને મુખ્યત્વે બે ભાગમાં વહેચી શકાય છે જે ગદ્ય અને પદ્ય છે. જેમા પદ્યનો ઈતિહાસ આશરે છઠ્ઠી સદીમાં સુધીનો માનવામા આવે છે.

પદ્ય ધાર્મિક માન્યતાઓ અને ચૂકાદાઓ ના આધારે ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ મુખ્યત્વે ત્રણ વિભાગમાં વહેચાયેલુ છે ,જેમ કે પ્રાચિન 1450 સુધી, મધ્યકાલીન ઈ.સ. 1450 થી 1850 સુધી અને અર્વાચીન ઈ.સ. 1850 પછીનો ગણવામાં આવે છે ,આધુનિક સાહિત્યને સુધારક અથવા નર્મદ યુગ , પંડિત યુગ,ગોવર્ધન યુગ , ગાંધી યુગ ,આધુનિક યુગ , અનુઆધુનિક યુગમાં વહેચવામાં આવે છે .

આમ યુગ પ્રમાણે અને સમયનાં આધારે ગુજરાતી ભાષાનાં અલગ અલગ લોકોનો પરિચય થવાથી ગુજરાતી ભાષા ધીમે ધીમે વિકાસ પામી છે.

ગુજરાતી ભાષાનો ઉદ્ભવ થયા પછી વિકાસની વાત કરીએ તો ગુજરાતની પ્રજાઓ અલગ-અલગ લોકોના સંપર્કમાં આવવાથી નવા નવા શબ્દો અને સ્વરુપો ગુજરાતી ભાષામાં આવ્યા અને ભાષાનો વિકાસ થતો રહ્યો.

- કસોટી :-

1. ગુજરાતી ભાષાનો ઉદ્ભવ કઈ સદીમાં થયો હતો ?

જ. 11 મી 12 મી સદીમાં

2 . ગુજરાતી ભાષા કઈ ભાષામાંથી ઉદ્ભવી છે ?

જ. પ્રાચીન ગુજરાતી કે અપભ્રંશ માંથી ઉદ્ભવી છે.

## 6 . ગુજરાતી સાહિત્યના સર્જકો

- હેતુઓ :-

વિદ્યાર્થીઓ ગુજરાતી સાહિત્યકારો ક્યા અને કેવા હતા તેના વિશે જાણી શકે કઈંક શીખી શકે તે માટે.........

- સાહિત્યકારો :-

1. નરસિંહ મહેતા :-

ઉપનામ : “નરસૈયો”, “આદીકવિ”

જન્મ : ઈ.સ. 1414 માં પંદરમી સદી

જન્મ સ્થળ : તળાજા, ભાવનગર

માતા-પિતા : માતા દયાકુવર અને પિતા કૃષ્ણદાસ

લગ્ન : સોળ વર્ષની વયે માણેકબાઈ સાથે થયા હતા.

નરસિહ મહેતાનું વખણાતુ સાહિત્ય : પ્રભાતિયા , જુલણા છંદનો પ્રયોગ

વૈષ્ણવજન પદ.

કૃતિઓ : શામળનો વિવાહ , ભક્તિ પદો , ગોવિંદગમન , કુંવરબાઈનું મામેરું

સુદામાચરિત્ર , હુંડી , શ્રાદ વગેરે .

2 . દલપતરામ :-

દલપતરામ એ સુધારક યુગનાં સર્જક છે .

ઉપનામ : કવિધર , લોકહિત ચિંતક

જન્મ : ઈ.સ. 1820 , જન્મ સ્થળ : વઢવાણ

સૌ પ્રથમ કાવ્ય : બાપાનીં પીંપર

દલપતરામનું વખણાતુ સાહિત્ય : હડુલા ( ઉખાણા પ્રકારની રચના)

કૃતિઓ : ફાર્બસવિરહ , લક્ષ્મી , ભૂતનિબંધ , મિથ્યાભિમાન , દલપતકાવ્ય

દલપત પિંગળ , જાદવાસ્થળી , બાપાનીં પીંપર , વેન ચરિત્ર વગેરે.

પંક્તિઓ : "અંધેરી નગરી ને ગેડું રામ ,

આવ ગિરા ગુજરાતી તને અતિ શોભિત શણગાર સજાવું ."

3 . ગોવર્ધરામ ત્રિપાઠી :-

- ગોવર્ધનરામને કવિ ન્હાનાલાલે "જગત સાક્ષર" કહ્યા છે .
- ગુજરાતી સાહિત્યની સૌ પ્રથમ "મહાનવલ" - "સરસ્વતીચંદ્ર" ના સર્જક છે.

ઉપનામ : “જગત સાક્ષર”સાક્ષર

જન્મ : ઈ.સ. 1855 માં

પિતા : માધવરામ ત્રિપાઠી

કૃતિઓ : સરસ્વતીચંદ્ર ભાગ-1 થી 4 , લીલાવતી જીવનકલા , ક્ષેમરાજ અને સાધ્વી , સાક્ષર જીવન , સ્નેહમુંદ્રા , કવિ દયરામ્નો અક્ષર્દેહ , સ્કેપ બુક , માનચતુર અને ધન લક્ષ્મી .

ગોવર્ધનરામ એ પંડિતયુગનાં સર્જક છે , ગોવર્ધનરામનાં નામે એક આખો યુગ જાણીતો છે.

4 . પ્રહ્લાદ પારેખ :-

જન્મ :- ઈ.સ. 1912 માં

કાવ્યસંગ્રહ :- સરવાણી , બારી બહાર .

બાલ સાહિત્ય :- તનમનિયા ( બાલકાવ્યો), રાજકુમારીની શોધમાં (બાલવાર્તા) , કરુણાનો સ્વયંબર (બાલવાર્તા)

ગદ્યકથા :- ગુલાબ અને શીવલી , શિસ્તની સમસ્યા .

- પ્રહ્લાદ પારેખની જાણીતી પંક્તિઓ :-

1 . “મધમધતે અંગે આ પંથે  ગઈ કોઈ નવપરિણીતા ,
વા પ્રેમીને મળવા કોઈ ગઈ યૌવનસમા . ”

2 . “રહું એથી આહીં રહું માનવીની સાથમાં .”

5 . સિતાંશુ યશશ્ચન્દ્ર :-

- તેમને આધુનિક ગુજરાતી સહિત્યનાં “પરાવાસ્તવવાદી વિચાર ધારાનાં પ્રેરક કહેવામાં આવે છે .”

જન્મ :- ઈ.સ. 1941 માં

કાવ્ય :- ઓડીશ્યસનું હલેસુ , જટાયુ , મુંબઈ : હયાતીની તપાસનો અહેવાલ , મગન કાવ્ય , મૌન સરોવર છલકાયા , યમદૂત .

નાટક :- કેમ મકનજી ક્યાં ચાલ્યા

6 . રઘુવીર ચૌધરી :-

મૂળનામ :- રઘુવીર દલસિંહ ચૌધરી

ઉપનામ :- લોકાપતસૂરી

જન્મ :- ઈ.સ. 1938 માં

જન્મ સ્થળ :- બાપુપુરા , ગાંધીનગર

કૃતિઓ :- મનોરથ , લાવણ્ય , મથુરા દ્વારકા , વેણુવત્સલા .

નવલકથા :- શ્યામસુહાગી , ઈચ્છાવર , રુદ્રમહાલય , અમૃતા , પરસ્પર ,

પ્રેમ અંશ , કંટકટર , અંતરવાસ , ઉપરવાસ ,
સહવાસ .

નવલિકા :- તેડાગર , શ્રાવણી રાતે , લાગણી , આકસ્મિક સ્પર્શ ,
ગેર સમજ , પૂર્વરાગ .

કાવ્ય :- તમસા , ફૂટ્પાથ અને શેઠો , યાત્રી , વહેતા વૃક્ષ
પવનમાં .

નાટક :- અશોકવન , સિકંદર , સાની , જુલતા મિનારા .

એકાંકી :- ડિમલાઈટ , ત્રીજો પુરુષ .

વિવેચન :- દર્શકનાં દેશમાં , વાર્તા વિશેષ , અદ્યતન કવિતા .

રેખાચિત્રો :- સહારાની ભવ્યતા .

પ્રવાસવર્ણન :- બારીમાંથી બ્રિટન .

ધર્મચિંતન :- વચનામ્રુત અને કથામ્રુત .

વાર્તાસંગ્રહો :- બહાર કોઈ છે , નંદીઘર , અતિથિગ્રહ ,
આકસ્મિકસ્પર્શ
ગેરસમજ .

ટૂંકીવાર્તા :- છટકી ગયેલો માણસ , પૂર્ણ સત્ય , તમ્મર , મુશ્કેલ .

- કસોટી :-

1 . રઘુવીર ચૌધરીનાં પિતાનું નામ શું છે ?

2 . સિતાંશુ યશશ્ચન્દ્રનો જાણીતો કાવ્યસંગ્રહ કયો છે ?

3 . દલપતરામ કયા યુગનાં કવિ છે ?

4 . નરસિંગ મહેતાના લગ્ન કેટલા વર્ષેની વયે થયા હતા ?

5 . ગોવર્ધનરામનું ઉપનામ શું છે ?

- સામાન્ય કસોટી

    - માગ્યા મુજબ જવાબ આપો :-

1 . ગુજરાતી ભાષાનાં મૂળાક્ષરો વિશે બે લીટીમાં લખો .

2 . "ન"પછી કયો મૂળાક્ષર આવે છે ?

3 . બારાક્ષરી ક્યાથી શરુ થાય અને ક્યા સુધી હોય છે ?

4 .સ્વર એટલે શું ?

5 . વ્યંજન એટલે શું ?

6 . ગુજરાતી ભાષામાં કેટલા સ્વરો આવે છે ?

7 . "ક" થી શરુ કરીને ક્યાં સુધી વ્યંજનો કહેવાય છે ?

8 . મધ્યકાળનું મોટા ભાગનું સાહિત્ય શેમાં રચાયુ છે ?

9 . કોઈ પણ સાહિત્યનો આરંભ ક્યા સ્વરુપે થાય છે ?

10 . પદ્યના પ્રકારો ક્યા છે ?

11 . ગદ્ય અને પદ્ય વચ્ચે ભેદ સ્પષ્ટ કરો .

12 . ગદ્ય એટલે શું ? તમારી ભાષામાં કહો .

13 . "ગદ્ય" નું સ્વરુપ આપણને સમજવામાં કેવું સરળ કે અઘરું ?

14 .ગુજરાતી ભાષા કઈ ભાષામાંથી આવી છે ?

15 . કઈ સદીમાં ગુજરાતી ભાષાનો ઉદ્ભવ થયો હતો ?

16 . નરસિંહ મહેતાનું ઉપનામ શું છે ?

17 . ગુજરાતી સાહિત્યનું સૌ પ્રથમ કાવ્ય કયું છે ?

18 . ગોવર્ધનરામ ત્રિપાઠીની જાણીતી નવલકથા કઈ છે ?

19 . "સરવાણી" કાવ્યસંગ્રહ કોનો છે ?

20 . સિતાંશુ યશશ્ચંદ્ર ક્યા યુગ કવિ છે ?